C.C.NO. 925/2025

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) હાલના કામના આરોપી **વિપુલભાઈ સમસુભાઈ રાઠોડ, રહે.રાબડાલ તળાવ ફળીય, દાહોદ, તા.જી.દાહોદ**નાઓ વિરૂધ્ધ બી.એન.એસ–૨૦૨૩ની કલમ–૨૮૫ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપીએ સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી. આજરોજ આરોપીની **આંક–૦૩થી ૫લી** રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) **આંક–૦૪થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી** જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

આમ, હાલના કેસમાં કોર્ટ ધ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

આ કામના આરોપી **વિપુલભાઈ સમસુભાઈ રાઠોડ, રહે.રાબડાલ તળાવ ફળીય, દાહોદ, તા.જી.દાહોદ**નાઓને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૫ તળે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૮૫ના ભંગ બદલ તકસીરવાન ઠરાવી રૂા.**૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)**નો દંડ કરવામા આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા.૦૮મી, માહે માર્ચ, સને ૨૦૨૫ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫<br>
દાહોદ.

(પ્રજ્ઞેશ સુધિરચંદ્ર સુચક)<br>
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>
દાહોદ, જીજે ૦૧૧૧૮